# શીખવા માટે અર્જુન નહીં, એકલવ્ય બનો

યાદ કરો મહાભારત અને તેના પાત્રોને. યાદ કરો દરેક પાત્રની કોઇને કોઇ વિશેષતા. તેમાં પણ અર્જુન વિશે નાનાપણમાં ઘણું વાંચ્યું હશે અને સાંભળ્યું પણ હશે. આજે પણ અર્જુનને યાદ કરતાં જ તેના માટે હકારાત્મક વિચારણા શરૂ થઇ જાય છે. અર્જુન એટલે મહાન બાણાવળી. બાણ ચલાવવાની એટલી આવડત મેળવવા અર્જુનમાં ચોક્કસ બાબતો ઠાંસી ઠાંસીને ભરી હતી. પાંડવોને બાણ ચલાવવાની તાલીમ આપતા ગુરુ દ્રોણ સાથેનો પ્રસંગ પ્રાથમિકશાળાના બાળકોને શીખવવામાં આવે છે. તેમાંથી બોધ લેવાનો છે... અર્જુનની એકાગ્રતા બાબતનો. ગુરુ દ્રોણે પૂછેલો પ્રશ્ન "ઝાડ પર તમને શું દેખાય છે?" અન્યના જવાબ કરતાં અર્જુનનો જવાબ વિશેષ હતો કે, "મને તો માત્ર પક્ષીની આંખ જ દેખાય છે?" આ જવાબને આધારે નકકી કરી શકાય કે તમારે જે શીખવાનું છે તે પ્રત્યે જ ધ્યાન આપો. અન્ય બાબતોને જવા દો. પૂરી એકાગ્રતા સાથે કામ કરો. જેથી બહારની કોઇ બાબત તમને વિચલિત ન કરે. લક્ષ્ય સતત તમારી સામે જ હોવું જોઇએ. સાથે પૂરતી લગન અને મહેનત તો ખરી જ.

મહાભારતના જ એક અન્ય પાત્ર એકલવ્યને પણ યાદ કરો. ગુરુ દ્રોણે બાણવિદ્યા શીખવવાની ના પાડી. પણ એકલવ્યને બાણવિદ્યા માત્ર શીખવી જ નહોતી, તેમાં પારંગત પણ થવું હતું. હતાશ બન્યા સિવાય તેણે આપમેળે શીખવાની શરૂઆત કરી. એક જ લક્ષ્ય, સખત મહેનત, પૂરતો આત્મવિશ્વાસ વગેરે જેવા ગુણોએ તેને મહાન બાણાવળી બનાવ્યો. શિક્ષણ અને શીખવાની પ્રક્રિયાને તેણે ચેલેન્જ તરીકે સ્વીકાર્યા. જેમાં તે સંપૂર્ણ સફળ પણ રહ્યો.

ઉપરોક્ત બે ઘટનાઓને મૂલવતાં ખ્યાલ આવશે કે, અર્જુન અને એકલવ્ય બંનેમાં ચોક્કસ ગુણો હાજર હતા. પણ મહત્ત્વની બાબત એ હતી કે અર્જુને ગુરુનો પૂરતો ફાયદો ઉઠાવ્યો, જ્યારે એકલવ્યે ગુરુ વગર પણ વિદ્યાપ્રાપ્ત કરી. બંને પોતાના લક્ષ્ય સુધી પહોંચ્યા.

આજના વિદ્યાર્થીને નજર સમક્ષ રાખીને વિચારીએ. આજના વિદ્યાર્થીને શિક્ષક સારા મળ્યા હોય તો પણ ભણવામાં ભલીવાર લાવતા નથી. આજના ઘણાં વિદ્યાર્થી અર્જુનની જેમ એકચિત્ત રાખીને પૂરતી એકાગ્રતા સાથે અભ્યાસ કરતા નથી. ભણવા સિવાયની અન્ય અનેક બાબતો પણ તેમના મનમાં ઘર કરી ગઇ હોય છે. તેઓનું ધ્યાન લક્ષ્ય સિવાય અનેક જગ્યાએ ભટકતું હોય છે. તેઓ ઘણીવાર ચોક્કસ લક્ષ્ય પણ નકકી કરી શકતા નથી. તો બીજીબાજુ કેટલાક વિદ્યાર્થી શિક્ષકોનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. શિક્ષકની સૂચના અને માર્ગદર્શન પ્રમાણે પૂરી લગન અને નિષ્ઠા સાથે કામ કરીને પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે. આમછતાં આજના શિક્ષકની વ્યસ્તતા, નિષ્ઠા અને આવડતને જોતાં આજનો શિક્ષક ક્યારેક ઊણો પણ ઉતરે છે. આજે કેટલીક કોલેજોમાં કેટલાક અભ્યાસક્રમ માટે શિક્ષકો પણ મળતાં નથી. વિદ્યાર્થીઓ બળાપો કાઢતા હોય છે કે, ફેકલ્ટી પૂરતા પ્રમાણમાં નથી, દરેક વિષયના શિક્ષકો નથી વગેરે. ઓછું પરિણામ આવે ત્યારે શિક્ષકોનો વાંક કાઢતા હોય છે કે, શિક્ષકે ભણાવ્યું નહીં કે અભ્યાસક્રમ પૂરો કર્યો નહતો માટે ક્યાંથી આવડે? આવું વિચારતાં વિદ્યાર્થીઓએ યાદ રાખવું

જોઇએ કે, માર્કશીટ આવ્યા પછી તમને કોઇ પૂછવાનું નથી કે તમને તમારા શિક્ષકે કેટલું શીખવ્યું હતું? માર્કશીટમાં  વધુ ગુણ લાવનાર વધુ હોશિયાર ગણાશે. માટે જ શિક્ષક ન હોય કે નબળા હોય તો એકલવ્યની જેમ અભ્યાસ કરો. શિક્ષક સારા હોય તો અર્જુનની જેમ પૂરો ફાયદો ઉઠાવો. છતાં બધો આધાર શિક્ષક પર પણ ન છોડો. શિક્ષક હોય તો પણ એકલવ્યના કેટલાક ગુણને તમારામાં પ્રવેશ આપશો તો તમે વિશેષ રીતે વધુ પ્રમાણમાં તમારો વિકાસ સાધી શકશો. પુસ્તકીયા જ્ઞાન કરતાં પ્રેક્ટિકલ અનુભવને વધુ પ્રાધાન્ય આપો. જ્ઞાન-માહિતી કેટલાક સમય પછી ભૂલી જવાશે, પણ પ્રવૃત્તિ-અનુભવ દ્વારા મેળવેલ આવડત-કૌશલ્ય લાંબો સમય યાદ રહેશે. આ આવડત-કૌશલ્ય જ ભવિષ્યમાં નોકરીધંધામાં વધુ ઉપયોગી નિવડશે. પરીક્ષાલક્ષી તૈયારી કરતાં વિદ્યાર્થીએ ઓપ્શનમાં મળતાં પ્રશ્નોના જવાબો પણ તૈયાર કરવા જોઇએ. જીવનમાં એવી ઘણી ક્ષણો આવશે કે જેમાં આ ઓપ્શનમાં તૈયાર કરેલા જવાબો જ સહાયરૂપ થશે. “જાત મહેનત ઝીંદાબાદ” સૂત્રને યાદ રાખો અને અપનાવો. “પારકી આશ સદાય નિરાશ” ને પણ ના ભૂલો. હા... પ્રાથમિકશાળાના વિદ્યાર્થી માટે શિક્ષકની આવશ્યકતા બધી જ રીતે છે, પણ કોલેજ કક્ષાએ કેટલાક અંશે વિદ્યાર્થીએ પોતાની ફરજ ને વિશેષ રીતે જોવી પડશે. આજના અતિવિકાસમાન યુગમાં જ્ઞાન-માહિતીમાં સતત વધારો અને ફેરફાર થતો રહે છે. આજની નવીન માહિતી આવતી કાલે જૂની બનતી જાય છે. જગતમાં થતાં ફેરફારોથી વિદ્યાર્થીઓને સતત પરિચિત કરવા અને આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે કોલેજકક્ષાના અભ્યાસક્રમો પણ લાંબા રાખવામાં આવે છે. જે અભ્યાસક્રમના દરેકે દરેક મુદ્દાને કે વાક્યને વર્ગમાં શીખવવું આજના શિક્ષક માટે મુશ્કેલ જ નહીં અશક્ય બની ગયું છે. આવા સંજોગોમાં શિક્ષક જેટલું શીખવાડે છે તેટલું અર્જુન બનીને શીખો અને જેટલું બાકી રહે તેટલું એકલવ્ય બનીને પણ શીખો.

આજનો વિદ્યાર્થી એટલો નસીબદાર છે કે, તેના ગુરુ તેની પાસે ગુરુ દક્ષિણા માંગતા નથી. આજના વિદ્યાર્થીને અભ્યાસમાં સહાયરૂપ થવા તેના મિત્રો, વાલી, પુસ્તકાલયો, ઇન્ટરનેટ જેવા અનેક સ્રોતો તૈયાર જ છે. જેનો વધુમાં વધુ ઉપયોગ કરીને વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની આવડત આજના વિદ્યાર્થીએ ખીલવવી જોઇએ. માત્ર અર્જુનની જેમ ગુરુ દ્વારા શીખવાથી હવે નહીં ચાલે. માટે જ વિદ્યાર્થીએ સાચા અર્થમાં વિદ્યાનો અર્થી બનવા અર્જુનની સાથે એકલવ્યની ભૂમિકા પણ ભજવવી પડશે.  દુનિયાની સૌ પ્રથમ ઓપન યુનિવર્સિટીની સ્થાપના એકલવ્યે કરી ગણાય. જેમાં કુલપતિ પણ પોતે અને વિદ્યાર્થી પણ પોતે. વિચાર તો કરો તેની જ્ઞાનપિપાસા માટેની નિષ્ઠાનો! આજે દૂરવર્તી શિક્ષણ દ્વારા અનેક સંસ્થાઓ અનેક અભ્યાસક્રમની ડિગ્રીઓ આપે છે. અનેક વિદ્યાર્થીઓ ઘેર બેસીને નોકરી ધંધો કરતાં કરતાં અભ્યાસ કરે છે. આવા સૌ એકલવ્યોને સાદર સલામ. શિક્ષક દ્વારા શીખો કે જાતે શીખો, પણ શીખો ખરા. પૂરેપૂરું શીખો. આજનો વિદ્યાર્થી શીખવા માટે માત્ર અર્જુન જ નહીં, એકલવ્ય પણ બને તેવી શુભેચ્છા સહ...

**dr.ashokpatel@in.com**